॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● આષો વદ - ૪ ● તા. ૪-૧૧-૨૦૨૦ ● બુધવાર SDP NO: 200 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

અબડાસા વિધાનસભા ની પેટા ચૂંટણી માં કોંગ્રેસ પાર્ટી ના આપણા લોકપ્રિય ઉમેદવાર તરીકે ડો. શાંતિલાલ સેંઘાણી સાહેબ ને તન, મન,ધન સાથે સહયોગ આપનાર સૌ શુભેચ્છકો નો દિલ થી આભાર.

- ઈશ્વરભાઈ ભગત.(સંકલન કર્તા). કોટડા

લોકશાહી ના પવિત્ર પર્વ માં આપ સૌ મતદાર ભાઈ બહેનો એ ઉત્સાહ પૂર્વક શાંતિ પૂર્વક મતદાન કરી ભારત ના જાગૃત નાગરિક તરીકે ની રાષ્ટ્ર પ્રત્યે ની ફરજ અદાકારી તે બદલ આપ સર્વે મતદાતા ઓ નો અમો વંદન સાથે અભિનંદન સહ આભાર માનીએ છીએ..

કચ્છ રિજીયન ચેરમેન છગન ધનાણી, vp શાંતિલાલ, નારાયણ ડિવિઝન ચેરમેન અનેં મત્રી ઝવેરભાઈ અને નરસીભાઈ અને સક્રિય તરવરીયા કીશોરભાઈ નાયાણી દ્વાર મતદાન કર્યા બાદ માતાજ સંસ્થાન વાંદ્રાય માં માં ઉમિયા ના ભાવપૂર્ણ દર્શન કરી ને વિજય સિક્સ ના આશીર્વાદ મેળવ્યા...

અબડાસા વિધાનસભા વિસ્તારના સૌ મતદારો કોંગ્રેસ પાર્ટી ના તેમજ પાટીદાર સમાજ નું ગૌરવ ડૉક્ટર શાંતિલાલ સેંઘાણી સાહેબની તરફેણ માં મતદાન કરીને ઐતિહાસિક ભવ્ય વિજય ના સહભાગી થવા જઈ રહ્યાં છે ત્યારે સૌ ને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

- નૈતિક પંચાણી, નખત્રાણા

મતદાન મારો અધિકાર ને લક્ષ્મીનારાયણ સ્વરૂપે મતદાન કરી ને પોતાનો રાષ્ટ્ર ગૌરવ નું અને મતદાન કરનાર નખત્રાણા ની જનતા નું અભિવાદન કરતા શૈલેષભાઈ અને શિલાબેન પોકાર.. જેઓ સામાજિક ક્ષેત્રે પોતાનું યોગદાન પણ આપી ને સહુ ના પ્રિય છે..

નખત્રાણા જીએમડીસી કોલેજને યુજીસી ૧૨(બી)ની માન્યતા

નખત્રાણા, તા. ૨૮ : અહીંની જીએમડીસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નખત્રાણાને યુજીસી દ્વારા ૨ (એફ) ૧૨ (બી)ની માન્યતા મળી ગઇ છે. આ માન્યતા મળવાથી આ વિસ્તારના વિદ્યાર્થીઓને અને આ કોલેજના પ્રોફેસરોને જુદા જુદા કોર્સ પ્રોજેક્ટ પર કામ કરવા માટે યુજીસીની ગ્રાન્ટ પ્રાપ્ત થશે.

સંશોધનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે આર્થિક ભારણ કેન્દ્ર સરકાર દ્વારા દૂર કરવામાં આવશે. આ વિસ્તારના ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓ તથા તેમને માર્ગદર્શન આપનાર પ્રાધ્યાપકોને આ માન્યતા મળવાથી સંશોધન કરવાની નવી ક્ષિતિજો ખૂલી ગઇ છે. ગુજરાત સરકારે તાજેતરમાં જ નખત્રાણાની જીએમડીસી કોલેજને ગ્રાન્ટેડ કરવાની જાહેરાત કરી છે અને તેની પ્રક્રિયા

પ્રાધ્યાપકોને માન્યતા મળવાથી સંશોધન માટે ક્ષિતિજ ખૂલી ગઇ

પણ હાથ ધરી દીધી છે.

૨ (એફ), ૧૨ (બી)ની માન્યતા મેળવવા માટે પ્રો. ડો. મોહનભાઇ પટેલે (પ્રિન્સિપાલ, આણંદ કોલેજ) ખૂબ જહેમત ઉઠાવી હતી. તેમના અનુભવનો ભરપૂર ઉપયોગ હમણાં આ કોલેજને મળી રહ્યો છે. તેમના માર્ગદર્શનથી આ કાર્ય થઇ શક્યું હોવાનું જણાવાયું છે.

દિલ્હીથી આ વહીવટી પ્રક્રિયા થતી હોવાથી કચ્છ-મોરબી વિસ્તારના સાંસદ વિનોદભાઇ ચાવડાએ પણ પોતાના વિસ્તારની કોલેજ હોવાથી આ કાર્યમાં મહત્ત્વનો સહયોગ આપ્યો છે. કચ્છની બહુ જ ઓછી કોલેજોને આ માન્યતા મળી છે. જે નખત્રાણાની કોલેજ માટે ગૌરવ છે. બંનેનો ટ્રસ્ટીઓએ આભાર માન્યો છે.

વિધાનસભા પેટા ચૂંટણી - ૨૦૨૦ (કુલ-૮ બેઠકો)

મતદાન તા. ૦૩-૧૧-૨૦૨૦

મતદાન સમયઃ સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦

આખરી મતદાન

થયેલ કુલ મતદાનની વિગતો

ક્રમ	વિધાનસભાનું નામ	મતદારોની સંખ્યા	કુલ થયેલ મતદાન	કુલ થયેલ મતદાનની ટકાવારી
૧	૧-અબડાસા	૨૩૪૭૪૭	૧૪૩૯૨૩	૬૧.૩૧
૨	૬૧-લીમડી	૨૭૧૬૪૨	૧૫૨૨૨૮	૫૬.૦૪
૩	૬૫-મોરબી	૨૭૧૪૬૭	૧૪૧૬૨૪	૫૨.૧૭
૪	૯૪-ધારી	૨૧૭૯૯૫	૯૯૭૧૧	૪૫.૭૪
૫	૧૦૬-ગઢડા (એસ.સી.)	૨૫૧૦૧૬	૧૨૫૫૦૮	૫૦.૦૦
૬	૧૪૭-કરજણ	૨૦૪૬૩૩	૧૩૪૯૩૫	૬૫.૯૪
૭	૧૭૩-ડાંગ (એસ.ટી.)	૧૭૮૧૮૬	૧૩૩૧૨૩	૭૪.૭૧
૮	૧૮૧-કપરાડા (એસ.ટી.)	૨૪૫૭૪૬	૧૬૫૪૮૫	૬૭.૩૪
				૫૮.૧૪

મગનભાઈ રામાણી અને યુવા કાર્યકર લિજેસ અમારા સાથે વાલજીભાઈ અને તેમની ટિમ દ્વારા મતદાન કાર્ય કરવામાં આવ્યું ને અનેક ગામ ની સાથે મિટિંગ કરી ને તેમજ કચ્છ બહાર વ્યવસાય અર્થે રહેનાર મતદાતા ને ખાસ વિન્નતી કરી મતદાન અધિકાર ના ઉપયોગ નાતે ખાસ મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા...

અબડાસા વિધાનસભા ના તાલુકા મતદાન ની માહિતી

૧-અબડાસા વિધાનસભા મતવિભાગ

તાલુકો	મતદારોની સંખ્યા			થયેલ મતદાન			થયેલ મતદાનની ટકાવારી		
	પુરૂષ	સ્ત્રી	કુલ	પુરૂષ	સ્ત્રી	કુલ	પુરૂષ	સ્ત્રી	કુલ
લખપત	21404	19631	41035	15428	12806	28234	72.08	65.23	68.80
અબડાસા	41820	38831	80651	27534	22757	50291	65.84	58.61	62.36
નખત્રાણા	58487	54574	113061	35450	30084	65534	60.61	55.13	57.96
૧-અબડાસા	121711	113036	234747	78412	65647	144059	64.42	58.08	61.37

શાળા અમારી તીર્થ ભૂમિ જ્ઞાન ગંગા ત્યાં વહે

સંકલન : કા.વા.રા. કોટડા(જ)

આજે પણ આ સૂત્ર કોટડા(જ) ની ઐતિહાસિક પ્રાથમિક શાળા ની ચાલી માં એજ ઠેકાણે લખેલું વાંચવા મળ્યું.

લાંબા અંતરાલ પછી મારે મારા બાળપણ ની ઇ.સ.૧૯૫૪ માં નિર્મિત શ્રી કેશરા હંસરાજ લિંબાણી, પ્રાથમિક શાળા જેમાં એજ વર્ષે મને બાળપોથી ધોરણમાં પ્રવેશ મળેલો તથા મારા સહિત મારા પરિવાર ની ત્રણ પેઢીને આ શાળાએ જ પ્રાથમિક સુધી નું શિક્ષણ આપ્યું છે, જે શાળામાં મતદાન કરવા માટે જવાનો અવસર મળ્યો. સ્કૂલ પ્રાંગણમાં પ્રવેશતાંજ મને બાળપણ ની યાદો એ ઘેરી લીધો અને યાદ આવી કચ્છ કવિ ની રચના, જેમાં તે સમયના વિધ્યાર્થીઓ ના દૈનિક કાર્યક્રમની સાથે જીવનશૈલી માં વિતેલા પળપળ નુ સચોટ વર્ણન છે.

ઇ.સ.૧૯૫૦ થી ૭૦ માં કચ્છમાં જન્મેલા અને ભણેલા ની યાદો..

વાય મે ઠેંકડેઇ કોબો મચાય ઝી મઝા.....

ખોખો અને લેકબુચાણી રમે જી મઝા.....

એટા-એટી રમેજી મઝા.....

બુશકોટ જે ખુણે મે સંત્રે વારી પીપર તોડે ને બ ભાગ કરે ને ભાઈબંધ કે ખારાય જી મઝા...

પેન તે પનપટી, કોઠીબાં, કાતરા વેકેજી મઝા..

પાટી તે થોક લગાય લખેલો ફેટાયજી મઝા...

ચાર પંઝ ધોસ્તાર વચ્ચે હેકડો ધલુઓ (પાણી નુ પાત્ર) ખણી વેનેઝી મઝા...

કેજી શેડ લમી વેનેતી સે નેરે ઝી મઝા.....

મુંજે ફરીયે મેં અચીજ તોતે કોતા ભસાઈધો ચેજી મઝા....

સમડી જેત્રા વિમાન નિશાળ જે રૂમ થી બહાર ધોડીને નેરે જી મઝા....

શિયાળે મે કોતી જે ગોલુડે લા ઘર ભનાય જી મઝા.....

બધાનો થપો રમે જી મઝા..... ખારકે ઝી ગેડકુ જે ઠોડીએ સે જુગાર રમે જી મઝા...

માતાજી અચે ત નિશાળ ન વને જી મઝા....

ટોટા લવીગીયા બાજરીયા અને કુંજા મા ફટાકડા ફોડેજી મઝા....

ઉગાડે પગે ગમે એડા રોલે જી મજા

અધા મુંબઈ થી અચેવારા હુવે તેર સાંજ જી બસ લા બપોરે થી વથાણ મે આંટાફેરા કરે જી મઝા.....

ધર્મશાળા જે ઓટે તે ચડી કરે ને બસ નેરેજી મઝા....

થોરજે છીર થી છાપે જો પતંગ ભનાય જી મઝા....

અઠવાડિયે મે હેકાર નાયજી મઝા.....

ગામ મે અમુક વડીલે નુ ને ગુરુજી નુ ધ્રજી ને ઘર કેના બહાર ન નેકરેજી મઝા...

ઝગડો કરે ને રીસુ કરે જી મઝા

મેળે મે વેનેજી મઝા.....

પેપર ને વડ જે ઝાડ તે ભરાઠડી રમેજી મઝા...

પાણી મે બોડેલ ભટર ખાધેજી મઝા.....

મીં જા મામાં નેરેજી મઝા.....

પંઝકે ઝી કોલ્ફી ચૂસેઝી મઝા.....

આમાં ની ગોટિયું ચૂસેજી મઝા...

ખટી આમરી ને ધોધા ખાધેજી મઝા.....

કોડિયું રમેજી મઝા.....

પઈડો ફેરાયેજી મઝા...

ધોડ લગાયજી મઝા....

ગડોડે તે વેઠેજી મઝા...

સેલરી જા સાંઠા ખાધેજી મઝા....

ચણીયા બેર ખાધેજી મઝા....

મેંધરજે મારાજ જા પેડા ખાધે ઝી મઝા....

રાત જો ખાટલે તે સોમી ને આકાશ મેં તારા નેરેઝી મઝા.....

મારી નિશાળ માં જ ભણેલ મારો પરમ મિત્ર આજ વિધાનસભા માં જવા માટે નું મતદાન કરતાં જે મઝા આવી ને તે જ આજે મને વિનિગ સિક્સ લાગ્યા ની મજા આવી...

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૦૨.૧૧.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૫૫ :

હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌ પ્રથમ ક્યું ગુજરાતી અખબાર શરૂ કર્યું હતું ?

જવાબ : નવજીવન

જવાબ આપનાર વિજેતા : કનુભાઈ લિંબાણી, ઓઢવ, અમદાવાદ, ૯૮૨૫૨ ૫૫૬૩૦.

ગઈકાલ તા.૦૩.૧૧.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૫૬ :

ગુજરાતની કઈ ચેસ ખેલાડી સૌ પ્રથમ વુમન ઈન્ટરનેશનલ માસ્ટર્સની પ્રતિયોગિતા જીતી હતી ?

આજના પ્રશ્ન નંબર ૧૫૭ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

ડો.વસત ધોળું નો આજે ૦૪થી નવેમ્બર ના જન્મદિને શુભેચ્છા...

સાબર ના નાનકડા રામસી કમ્પા ની ધૂળ ની ડમરીઓ નો યુવા જે વિદ્યાલક્ષમી ના ભાવ લાગણી ના પ્રભાવ માં અક્ષરજ્ઞાન મેળવી નેં પોતાના આ અડગ અને મક્કમ નિર્ધાર સાથે ડૉક્ટરેટ પરાગરજ ની પ્રકૃતિ સાથે પૂર્ણ કરી ને સુક્ષમ માં પણ વિશાળતા ની તલસ્પર્શી અનુભૂતિ તો લીધી જ.

સાબર રિજિયન ની ધૂરા પહેલા શિક્ષણ નો લગાવ હોય શ્રી ઉમા એજ્યુકેશન ના સમાજ ના અભિયાન માં પગદંડી માડી નેં યુવા સંઘ જ શૈક્ષણિક મિશન થી કરી કલ્પના ની શરૂઆત. સાબર ના યુવાસંઘ ના ધીર ગંભીર સમજણ ના સેતુ જેવા જ ડો.અશોક ભાવાણી ના નેતૃત્વ માં સાબર ને સતત ઝળહળતું રાખી ને યુવાસંઘ ના સ્થાપના ના મૂળ હેતુ ને બર લાવવા તેમજ mission 20 20 ઝડપથી પૂર્ણ કરવા સતત ઝઝૂમી રહ્યા ને સાબર રિજિયન ને નંબર વન ના એવીર્ડ વિજેતા કરી નેં ઉત્તમ નેતૃત્વ માત્ર નહી ઉત્તમ પરિણામ ની પ્રતીતિ કરાવી.. જેણે નોખું અને અનોખું કરવું જેમનો સ્વભાવ છે ગમે તેવા પડકારોને પહોંચી વળવા માટેનો સમર્થ સેનાપતિ ના અનેક વિવિધતા ના ગુણો ની અનુભુતી જ તેની પ્રતીતિ છે.. સ્વર્ણિયમ ને સથવારે ચાલ્યા કડવા પાટીદાર ના ગુંજને સનાતની નારાયણ કથા કાર બનાવી ને સનાતની ગૌરવ ની પ્રતીતિ કરાવી ને સત્ય ને ઉજાગર કર્યું..

યુવા સુરક્ષા કવચ ને મોદ પરિસદ માં ઘર ઘર ને આંગણે તોરણ બંધાવ્યા સમાજ સુરક્ષા ના .. હાર્દિક પાટીદાર ના આંદોલન વચ્ચે ૨૦૧૬ માં પાટીદાર બિઝનેસ સમીટ મહાત્મા મંદિર માં આયોજિત કરી ને હટકે કર્યા ની પ્રતીતિ અન્ય સમાજ ને અને સરકાર ને પણ કરાવી..

હાલો હૈદરાબાદ અને હેંડો હિંમતનગર ની હજી તો સેલ્ફી પણ મોબાઈલ માં વારંવાર જોવાનું મન થાય છે .

વિદ્યાલક્ષમી અમૃતકુંભ શ્રી સમાજ ના ચરણે મૂકી ને એક અનોખા કોન્સેપ્ટ ને સહુ સમક્ષ મૂકી નેં બિગ બી દાતાઓ ને પણ વિરામ આપ્યો ને અનેકે વિદ્યાદાન આપી ને સમાજ વિકાસ થકી રાષ્ટ્ર વિકાસ માં કહ્યું ફિકર ના કરો અમે પણ છીએ ને...

વિઝન ૨૦૧૦ માં બાળપણ અને મિશન૨૦૨૦ માં યૌવન વીંઝે પાંખ જેવો ૧૦ જ વર્ષ માં એક શિક્ષક પરધ્યાપક પણ ધારે ને તો સમાજ વિકાસ માં પણ કેવુ કાઠું કાઢે છે એનો માત્ર અહેસાસ નહીં પ્રતીતિ કરાવી..

જેને આળસ શબ્દ જ દીક્ષનરી માં જ ન હોય ને ચેતન્ય સફરુંતી ઉત્સાહ થકી કર્મ ભૂમિ તલોદ ની કોલેજ ના પ્રોફેસર ડો.વી.એ. પટેલ જે માં જ્ઞાન શીલ એકતા ના સંસ્કાર જન્મે માતાએ આપ્યા છે એવા સપૂત આજના નારાયણ યુવાસંઘ ના વર્તમાન પ્રમુખ એવા ડો.વસત ધોળું નો આજે ૦૪થી નવેમ્બરના જન્મદિને શુભેચ્છા પાઠવીએ.. તેમના વિકાસ ની જીવનશૈલી ને સમાજ સમર્પિત કરી ને અનોખી રીતે ઉભી કરી છે એ આદર્સ ને અભિનદીત કરીએ...

તેઓ નું જીવન ઉલ્લાસમય રહે.. તંદુરત રહે.. ખુશ ખુશાલ રહે...

મિશન રાજકીય માં સામે પાણીએ તરવાની હિંમત અને હામ ભીડનાર તેમની અનોખી ત્રાડ ને પણ અભિનદીત કરીએ.. વિજય પરાજય અલગ બાબત છે પણ સમાજ ના સનાતની માંડુ માટે માત્ર એક જ લક્ષ એક જ મકસદ નાતે તેઓ પણ સમગ્ર મતદાર નો આભર વ્યકત કરે છે અને મતદાન ના બીજા જ દીને પોતાના જન્મ દીને સમાજ વિકાસ માં સવિશેસ સઘઠન જાળવવા સહુ ને અપીલ પણ કરે છે ..

ડો. વસત ધોળું પણ આગામી સમય માં જરૂર ગુજરાત ના રાજકીય નકશે પોતાનું કર્તવ્ય અને ફરજ અદા કરવા કમર કસશે અનેં વર્તમાન સનાતની સરકાર ના મજબૂત ઈરાદા ને બુલંદી આપવા પ્રયાસ કરશે...

એવી અભિવાક્તિ આજ ના જન્મ દિવસે જાહેર કરે છે....

અવસાન નોંધ

તારીખ : ૦૨/૧૧/૨૦

સ્વ. ભાનુબેન શિવદાસ ભાવાણી, ઉમર : ૯૦ વર્ષ કચ્છ : નેત્રા, હાલે : મહેમદાવાદ.

તારીખ : ૦૩/૧૧/૨૦

સ્વ. વિશ્રામ રતનશી રુડાણી, ઉમર : ૮૭ વર્ષ, કચ્છ : દેવપર, હાલે : ભુજ.